# ગાંધીનગરમાં રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનો પ્રારંભ

## વિવિધ જિલ્લાની ૧૨૧ ટીમો વચ્ચે સ્પર્ધા : રાસ-ગરબાની શ્રેષ્ઠ કૃતિઓ નિહાળવા ગાંધીનગરનાં પ્રજાજનોને જાહેર નિમંત્રણ

ગાંધીનગર, તા. ૪
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના ઉપક્રમે રાજયકક્ષા નવરાત્રી રાસ-ગરબા સ્પર્ધાનું દીપ પ્રગટાવી ઉદઘાટન કર્યા બાદ ઉર્જામંત્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના વિવિધ ઉત્સવો અને તહેવારોમાં નવરાત્રી નવ દિવસનો સૌથી મોટો તહેવાર છે. રાસ-ગરબા ગુજરાતની સંસ્કૃતિના પ્રતિક છે. વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવ થકી રાસ-ગરબા વિશ્વ ફલક ઉપર પ્રસ્થાપિત થયાં છે ત્યારે, રાજયના દરેક જિલ્લા અને મહાનગરોને રાસ-ગરબાની ૧૨૧ જેટલી શ્રેષ્ઠ કૃતિઓ ગાંધીનગરની પ્રજાને જોવાનો અવસર મળ્યો છે. નવરાત્રી મહોત્સવની સાથે અનેક લોકોને ભાતીગળ વસ્ત્રો, શણગાર અને રિફ્રેશમેન્ટ દ્વારા એમ્પ્લોયમેન્ટ જનરેટ કરતો નવરાત્રી મહોત્સવ ઈકોનોમીનો પણ ભાગ બન્યો છે. મંત્રી સૌરભભાઇ પટેલે જણાવ્યું હતું કે, અન્ય રાજયોમાં વસતા ગુજરાતીઓ પણ સ્થાનિક પ્રજાને આકર્ષીને નવરાત્રી મહોત્સવ ઉજવે છે, ત્યારે આ ઉત્સવનો દિનપ્રતિદિન વ્યાપ વધતો જાય છે.

રમત-ગમત વિભાગના સચિવ વી.પી. પટેલે જણાવ્યું હતું કે, અર્વાચીન અને પ્રાચીન ગરબા સહિત વિવિધ કલાકારોની પ્રતિભા ઉજાગર કરવા રાજય સરકારે ખેલ મહાકુંભની સાથે છેલ્લા બે વર્ષથી કલા મહાકુંભ ઉજવણીની શરૂઆત કરી છે. કલા મહાકુંભ માટે રાજય સરકારે રૂ.૧૦ કરોડની ફાળવણી કરી છે. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના કમિશનર સતીષભાઇ પટેલે જણાવ્યું હતું કે, ૧૨૧ જેટલી વિવિધ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે આવનાર ટીમને અનુક્રમે રૂ.૫૧ હજાર, રૂ.૪૧ હજાર અને રૂ.૩૧ હજારના રોકડ પુરસ્કાર આપી સન્માન કરાશે. ચાલુ વર્ષે કલા મહાકુંભમાં ૪.૯૮ લાખ કલાકારોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.





### વેજપુર જાગૃતિ વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા તાલુકાના વેજપુર ગામની જાગૃતિ વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકા કક્ષાનો રમતોત્સવ કાર્યક્રમમાં ખેરંચા એકલવ્ય સ્કુલમાં યોજાયો હતો. વેજપુર જાગૃતિ વિદ્યાલયની વિદ્યાર્થીનીઓ ખો-ખો સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવી જાગૃતિ વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીનીઓએ વધાર્યું છે. શાળા સંચાલક, આચાર્ય, સ્ટાફ પરીવારે તાલુકા કક્ષાએ ખો-ખો સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવતાં ખો-ખોની ટીમને બિરદાવી હતી.

# નવરાત્રિ વેકેશન ન આપનાર શાળા સામે પગલાની ચિમકી

## વેકેશનના નિર્ણયની અમલીકરણની જવાબદારી ડીઇઓ અને ડીપીઇઓને સોંપાઇ : શાળાઓ સામે પગલાની વકી

ગાંધીનગર,તા.૪
ગાંધીનગર સહિત રાજયભરની કેટલીક ખાનગી શાળાઓ નવરાત્રી વેકેશનનો ઈનકાર કરી રહી છે ત્યારે સરકારે જાહેર કરેલા નવરાત્રીના વેકેશનનો ફરજિયાત અમલ કરાવવાની જવાબદારી હવે રાજય સરકારે જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈઓ) અને પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારી (ડીઈપીઓ)ના માથે નાખી છે. નવરાત્રિ વેકેશન નહી આપનારી આવી શાળાઓ વિરૂધ્ધ પગલાં લેવાની અને આકરી કાર્યવાહી કરવાની ગર્ભિત ચીમકી પણ સરકાર દ્વારા આપી દેવાઈ છે. બીજીબાજુ, સીબીએસઇ બોર્ડની શાળાઓ સહિતની કેટલીક ખાનગી શાળાઓમાં નવરાત્રિ વેકેશનને લઈ ભારે અસમંજસની સ્થિતિ પ્રવર્તી રહી છે. ખાનગી શાળા સંચાલકોએ નવરાત્રી વેકેશનનો અમલ નહીં કરવાના મુદ્દે સરકાર સામે બાંયો ચડાવી છે ત્યારે સરકારે પણ તેના કડકાઈભર્યા અમલ માટે સૂચના આપી દીધી છે. રાજયભરની શાળાઓમાં તા.૧૦થી ૧૭ ઓકટોબરનું નવરાત્રી વેકેશન રહેશે. ત્યારબાદ તા.૫થી ૧૮ નવેમ્બર દિવાળી વેકેશન રહેશે અને ૧૯ નવેમ્બરથી બીજું શૈક્ષણિક સત્ર ચાલુ થશે. પ્રાથમિક શિક્ષણ નિયામક એમ.આઈ. જોષીએ જણાવ્યું હતું કે, જે શાળાઓ ડીઈઓ કે ડીપીઈઓના પરિપત્રનો અમલ નહીં કરે તે શાળાને કારણદર્શક નોટિસ આપવામાં આવશે.

સૌ પહેલાં તે શાળાને કારણદર્શક નોટિસ આપવામાં આવશે. ત્યારબાદ દંડ કરવા ઉપરાંત શાળાની માન્યતાની શરતો અન્વયે માન્યતા રદ કરવા સુધીનાં આકરાં પગલાં પણ લઈ શકાય. ડીપીઈઓ નવનીત મહેતાએ જણાવ્યું હતું કે જે ખાનગી શાળાઓ નવરાત્રી વેકેશનનો અમલ નહીં કરે તેની ફરિયાદ વિભાગ અને નિયામકને મોકલી આપીશું. તે પછીની કાર્યવાહીનો નિર્ણય ઉચ્ચ વિભાગ જ લેશે. આમ, હવે સરકાર દ્વારા આકરી કાર્યવાહીની ચીમકી અપાયા બાદ સીબીએસઈ બોર્ડ સહિતની નહી માનતી શાળાઓ હવે શું રણનીતિ અપનાવે છે તેની પર સૌની નજર છે. જો કે, હાલ તો આ તમામ ઘટનાક્રમ વચ્ચે વિદ્યાર્થીઓ અને વાલીઓ ભારે દ્વિધાભરી સ્થિતિમાં મૂકાયેલા જોવા મળી રહ્યા છે.

# અરવલ્લી જિલ્લાના બિસ્માર રસ્તાઓથી ગ્રામજનો પરેશાન

મોડાસા, તા. ૪
અરવલ્લી જિલ્લામાં ચાલુ વર્ષે નહિવત વરસાદ વરસેલો છે છતાં અરવલ્લી જિલ્લાના માર્ગો ઉબડખાબડ બની ગયેલ છે. લગભગ જિલ્લાના સૌથી વધુ ગ્રામ્ય વિસ્તારના માર્ગો ખખડધજ હાલતમાં બની ચૂક્યા છે. જેથી આ માર્ગો આગામી તહેવારો અને ખાસ નવરાત્રી પહેલા રિસરફેસ કરવામાં આવે તેવી લોક લાગણી પ્રબળ બનેલ છે. આ ઉબડખાબડ માર્ગોના કારણે નાના-મોટા પડવા વાગવાના બનાવો વધવા પામેલ છે. જેના કારણે કેટલા લોકોએ જીવ ગુમાવ્યા છે, યા તો ગંભીર રીતે ગવાયા છે. છેલ્લા કેટલાક વખતથી માર્ગ-મકાન વિભાગ કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ ઉદાસીનતા દાખવે છે. જે કામો થયા છે જે અને થઈ રહ્યા છે તેમાં તેના ભ્રષ્ટાચારની બૂ આવે છે. આ સામાન્ય વરસાદે માર્ગ અને મકાન વિભાગની પોલ ખોલી નાખી છે. આવા ઉબડખાબડ માર્ગોના કારણે વાહનચાલકો અને ખેડૂતો ભારે હેરાન પરેશાન થયા છે.

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ માર્ગો તથા જાહેર માર્ગો સુધારણા માટે રાજ્ય સરકાર વર્ષે દાડે કરોડો રૂપિયા ખર્ચે છે તેમ છતાં રોડના કામમાં ગુણવત્તા જળવાતી ન હોવાથી ટૂંકા ગાળામાં બાળ મરણ થયું હોય છે. જિલ્લાના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર ઓછા ભારણવાળા વાહન વ્યવહાર થતો હોવા છતાં સૌથી વધુ માર્ગો બિસ્માર હાલતમાં મુકાઈ ગયા છે. સામાન્ય રીતે ભારે વરસાદ વરસે તો ડામર રોડની પોલ ઉઘાડી પડતી હોય છે. આમ છતાં ચાલુ વર્ષે સામાન્ય વરસાદ પડ્યો હોવા છતાં માર્ગો ઉબડખાબડ હાલતમાં મુકાયા છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ માર્ગોને નવરાત્રી પહેલા રિસફેસીંગ થાય તેવી આમ જનતાની માંગ છે. હાલમાં કેટલાક માર્ગો પર ગાબડા પુરવામાં પણ ભ્રષ્ટાચાર આચરાતો હોવાનું લોકમુખે ચર્ચાય છે. કેટલાક માર્ગો પર વાહનચાલકોને સાવચેતીપૂર્વક સર્પાકારે વાહનો ચલાવવા પડે છે. જેના કારણે નાના-મોટા અકસ્માતો સર્જાવાનો ભય રહેતો હોય છે. જિલ્લાના માર્ગોનું દુરસ્તીકરણ જેમ બને તેમ જલ્દીથી થાય તેવી વાહનચાલકો અને ગ્રામ્ય વિસ્તારના લોકોની માંગ છે.




### ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદિરનું ગૌરવ

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીરનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી હતી. અરવલ્લી જીલ્લા રોજગાર કચેરી, મોડાસા ધ્વારા આયોજીત કારકિર્દી માર્ગદર્શન સપ્તાહનું ઉજવણી સંદર્ભે જીલ્લા કક્ષાની વકતૃત્વ, નિબંધ સ્પર્ધા જે.એસ.મહેતા હાઈસ્કુલ, ધનસુરા ખાતે યોજાઈ હતી. અરવલ્લી જીલ્લાના વિવિધ તાલુકાઓની શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ભિલોડા માતૃશ્રી આર.જે.તન્ના પ્રેરણા મંદીરના વિદ્યાર્થીઓએ વકતૃત્વ,નિબંધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. દ્વિતીય સ્થાન મેળવી વિદ્યાર્થીઓએ ગૌરવ વધાર્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં દ્વિતીય સ્થાને સૃષ્ટી રમેશભાઈ ગામેતી, નિબંધ સ્પર્ધામાં વિશાખા જતીનભાઈ પંચાલને આચાર્ય રમણભાઈ પટેલ, સ્ટાફ પરીવારએ વિદ્યાર્થીનીઓને બિરદાવી હતી.

# બનાસકાંઠા ને અસરગ્રસ્ત જાહેર કરવાના માંગ સાથે પાલનપુરમાં ખેડૂતોએ મહારેલી નીકાળી

ગુજરાતમાં ચાલુ વર્ષે દુષ્કાળ જેવી પરિસ્થિતિ છે ત્યારે સરકાર



દ્વારા બનાસકાંઠા જિલ્લામાં માત્ર ચાર તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરાયા છે જ્યારે ખાતરના ભાવમાં પણ વધારો કરી દેતાં ખેડૂતો લાલઘૂમ થયા છે. સમગ્ર બનાસકાંઠાને અછત ગ્રસ્ત જાહેર કરવા સહિતની માંગ સાથે જિલ્લાના પાલનપુર ખાતે ખેડૂતોએ સભા સાથે વિશાળ રેલી યોજી કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું..બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ને અને ૨૦૧૭માં ભારે અતિવૃષ્ટિ બાદ ચાલુ વર્ષે અચાનક અનાવૃષ્ટિ સર્જાઈ છે. જિલ્લામાં નહીંવત વરસાદ થતા ખેતી બરબાદ થઈ ગઈ છે જ્યારે બીજી તરફ સરકાર દ્વારા ખાતરના ભાવમાં અસહ્ય વધારો કરી દેવાતા ખેડૂતોની હાલત કફોડી બની છે. જ્યારે ડીઝલના ભાવ પણ આસમાને હોવાથી અને બનાસ ડેરી દ્વારા દૂધ ના ફેટ ના ભાવ માં ઘટાડો કરી પશુ દાણના ભાવમાં વધારો કરાતા ખેડૂતોને હવે ખેતી કે પશુપાલનનો વ્યવસાય પોસાય તેવો રહ્યો નથી. જેના કારણે ખેડૂતો ભયંકર આર્થિક દેવાના ડુંગર તળે દબાઈ રહ્યા છે. આવી પરિસ્થિતિ રહી તો આગામી ચૂંટણીમાં ખેડૂતો સરકાર નો બહિષ્કાર કરે તેવી સ્થિતિ છે.બનાસકાંઠાના ખેડૂતો પોષણક્ષમ ભાવ અને અછત જાહેર કરવા અનેક વખત સરકાર સમક્ષ રજૂઆત કરી ચૂક્યા છે પરંતુ સરકાર ખેડૂતોની વાત સાંભળવા તૈયાર નથી. જેથી ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ પાલનપુર ખાતે ખેડૂતોએ વિશાળ સભા યોજી રેલી સાથે કલેકટર કચેરીએ જઈ આવેદનપત્ર આપ્યું હતું.

ખેડૂત કાનજીભાઈ ચૌધરીએ મીડિયા ને જણાવ્યું હતું કે કિસાનો દ્વારા અવાર નવાર રજૂઆત છતાં સરકાર દ્વારા કોઈ પણ પગલા ન લેવાતા કિસાનોનો આક્રોશ હવે ચરમસીમાએ પહોંચી રહ્યો છે આગામી સમયમાં જિલ્લાને અછત ગ્રસ્ત જાહેર નહિ કરાય,ખાતર ડીઝલના ભાવ ન ઘટે તો કિસાનો જલદ કાર્યક્રમ આપશે.

## ઝેડ.આર.યુ.સી.સી.ના મેમ્બર તરીકે નિમણુંક



સાબરકાંઠા રેલ વિકાસ સમિતીના અધ્યક્ષ ભિલોડા તાલુકાના રીંટોડા ગામના હાલ રહેવાસી મુંબઈવાળા પ્રફુલ્લકુમાર દેવશંકર ઉપાધ્યાયની ઝેડ. આર. યુ. સી. સી. મેમ્બર તરીકે નિમણુંક કરાતાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત, રાજસ્થાન રાજ્યના મુંબઈમાં વસતા મુંબઈ વાસીઓ અને રેલયાત્રીઓની રેલ સમસ્યાઓ અને સુવિધાઓ માટે સતત સક્રીય રહેતા સેવાકીય કાર્યોમાં પ્રયત્નશીલ પ્રફુલ્લભાઈ ઉપાધ્યાયની સતત પાંચમી વાર ભારત સરકાર રેલવે પ્રધાન ધ્વારા ઝોનલ રેલવે યુઝર્સ કન્સલટેટિવ કમિટી વેસ્ટર્ન રેલવેના મેમ્બર તરીકે નિમણુંક કરાતાં આગેવાનોએ બિરદાવ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં કારકુન, રેવન્યુ તલાટી વર્ગના-૧૭ કર્મચારીઓની બઢતી સાથે બદલીનો ગંજીપો ચીપાયો

લોકસભાની ચૂંટણીને અનુસંધાને અને જિલ્લાના વહીવટી કારણોસર તથા જાહેરહિત કારકુન, રેવન્યુ તલાટી સંવર્ગના-૧૭ કર્મચારીઓને નાયબ મામલતદાર સંવર્ગ હંગામી બઢતી આપી બદલીના સ્થળે હાજર થવાનો આદેશ કરતા કેટલાક કર્મચારીઓમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો. વહીવટીતંત્ર દ્વારા એકી સાથે ૧૭ કર્મચારીઓની હંગામી નાયબ મામલતદાર સાથે બઢતી આપી બદલીનો ગંજીપો ચિપાતા આગામી સમયમાં કર્મચારીઓની વહીવટી કારણોસર બદલીના ભણકારા વાગી રહ્યા છે.



### ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર.જી.બારોટ એજ્યુકેશન કેમ્પસમાં આવેલ અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રમાં સફળતાની સુવાસ ફેલાવતાં આનંદની લાગણી પ્રસરી છે. ખેલ મહાકુંભ-૨૦૧૮ અંતર્ગત તાલુકા, જીલ્લા કક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓએ કબડ્ડી, ખો-ખો, ટેકવેન્ડો, એથલેટીક્સ સ્પર્ધાઓમાં અલગ-અલગ વય જુથમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક ભાગ લઈ ખુબ જ ઉત્કૃષ્ઠ દેખાવ કરી રમત ગમત ક્ષેત્રે સફળતા મેળવી છે. તાલુકા કક્ષાએ અંડર-૧૪ બહેનોની કબડ્ડીની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો જેમાંથી ૪ વિદ્યાર્થીનીઓએ જીલ્લા કક્ષાએ સ્પર્ધા માટે ટેકવેન્ડોમાં જીલ્લા સ્તરે ૬ વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ દેખાવ કરી ૫ વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. એથલેટીક્સ સ્પર્ધામાં ૪ વિદ્યાર્થીઓ જીલ્લા કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ, કેમ્પસ ડાયરેક્ટર દેવાંગભાઈ બારોટ, આચાર્ય રાજેન્દ્રસિંહ ચૌહાણ,સ્ટાફ પરીવારએ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

## ઘટાડાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કિંમતમાં પાંચ રૂપિયાનો ઘટાડો થઈ ગયો છે. તેનું તરત અમલીકરણ થઈ રહ્યું છે. અમદાવાદ શહેરમાં પેટ્રોલની કિંમત હવે ઘટીને ૭૭.૯૭ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૭૫.૯૫ થઈ ગઈ છે. હાલમાં અવિરત વધારો થઈ રહ્યો હતો. નીતિન પટેલે કહ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય ભાવ ખુબ ઉંચી સપાટીએ પહોંચી રહ્યા હતા. લોકો આના લીધે અસર પામી રહ્યા હતા. ક્રૂડ વધતાં પેટ્રોલ ડીઝલના ભાવ ઉત્તારોત્તર વધી રહ્યા હતા. નાગરિકોને રાહત આપવા કેન્દ્ર સરકાર સતત વિચારી રહી હતી. બીજી બાજુ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ માહિતી આપતા કહ્યું છે કે, ગુજરાતના ૭ કરોડથી વધુ નાગરિકોને આનાથી રાહત મળી છે.

ગુજરાત સરકારે નાગરિકોના હિતોને ધ્યાનમાં લીધા છે. ગુજરાતના નાગરિકોને રાહત આપવા માટે વર્ષ ૨૦૧૭માં પેટ્રોલ ડિઝલ પર લેવાતા વેટમાં ચાર ટકાનો ઘટાડો ગુજરાત સરકારે કર્યો હતો. આજે પેટ્રોલ ડીઝલ પર ૨૦ ટકાનો વેટ લેવામાં આવી રહ્યો છે. આ ઘટાડો કરવાના પરિણામ સ્વરુપે રાજ્ય સરકારની આવકમાં આશરે ૧૮૦૦ કરોડથી ૨૦૦૦ કરોડનો ઘટાડો થશે. કેન્દ્રીય નાણામંત્રીએ અગાઉ વિસ્તારપૂર્વક ભાવના સંદર્ભમાં માહિતી આપી હતી. એક્સાઈઝ ડ્યુટીમાં પણ ઘટાડો કર્યો હતો. જેટલીએ તમામ રાજ્ય સરકારોને આટલી જ કિંમત ઘટાડવા માટે કહ્યું હતું. કેન્દ્રની જાહેરાતના મિનિટો બાદ જ ગુજરાત સરકારે ઘટાડો કર્યો હતો.

## કેન્દ્ર સરકારે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દ્વારા પણ એક રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેટલીએ આજે આંતર મંત્રાલયની બેઠક બાદ એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, અમેરિકાએ વ્યાજદરમાં વધારો કર્યો છે જેની સીધી અસર જોવા મળી રહી છે. બજાર અને કરન્સી બજારમાં ઉથલપાથલ ચાલી રહી છે. કેટલાક પગલા પહેલાથી જ લેવામાં આવી ચુક્યા છે. આઈએલએન્ડએફએસના બોર્ડમાં ફેરફાર કર્યા છે. આયાત પર અંકુશ મુકવા માટે પણ અનેક પગલા લેવામાં આવ્યા છે. મોંઘવારી અંકુશમાં છે. મોંઘવારી ચાર ટકાથી પણ નીચી સપાટીએ પહોંચી છે. છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ૮.૨ ટકાના દરે વધ્યો છે. આ પહેલા નાણામંત્રી અરુણ જેટલીએ પેટ્રોલિયમ સચિવ સાથે વાતચીત કરી હતી. પેટ્રોલ અને ડીઝલની વધતી જતી કિંમતોથી ચિંતાતુર બનેલી સરકારે અર્થવ્યવસ્થા પર પડનાર પ્રતિકુળ અસરને રોકવા માટે વિચારણા હાથ ધરી છે. આજે સાંજે પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સાથે જેટલીએ વાતચીત કરી હતી. પેટ્રોલ ડીઝલની કિંમતમાં અગાઉ આજે સવારે વધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ક્રમશઃ સવારે ૧૫ અને ૨૦ પૈસાનો વધારો કરાયો હતો. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં હાલમાં અવિરત વધારાના પરિણામ સ્વરુપે લોકોની હાલત કફોડી બનેલી હતી. રવિ પાક ઉપર આની સીધી અસર પડવાની શક્યતા દેખાઈ રહી છે. ડીઝલ હજુ પણ રેકોર્ડ સ્તર પર છે. કૃષિ ક્ષેત્રમાં સૌથી વધારે ઉપયોગ ડિઝલનો કરવામાં આવે છે. ટ્રેક્ટરથી લઈને પંપસેટ તમામમાં ડીઝલનો ઉપયોગ કરવામાં આવે છે. ડીઝલની કિંમત વધવાથી આ તમામ ઉપર સીધી અસર થાય તેમ છે. ખેડૂતો ઉપર તેની માઠી અસર થઈ શકે છે. આજે કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૨.૫૦ રૂપિયાનો ઘટાડો કર્યા બાદ અને રાજ્યોને પણ અપીલ કર્યા બાદ ભાજપ શાસિત રાજ્યોએ ઘટાડાની શરૂઆત કરી હતી. ગુજરાત, મહારાષ્ટ્ર, ભાજપ શાસિત અન્ય રાજ્યોમાં પણ ઘટાડો કરવામાં આવ્યો હતો. ગુજરાત અને મહારાષ્ટ્ર ઉપરાંત છત્તીસગઢ, ત્રિપુરા અને ઝારખંડ, આસામ અને અન્ય રાજ્યોએ પણ ઘટાડો કરવાની શરૂઆત કરી હતી. છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહે પણ તાત્કાલિક ઘટાડો કર્યો હતો. મહારાષ્ટ્રમાં પણ તરત ઘટાડો કરાયો હતો. અત્રે નોંધનીય છે કે, ભારત દ્વારા તેની ક્રૂડ ઓઈલ પૈકીની ૮૦ ટકાની આયાત કરે છે. હાલમાં ક્રૂડની કિંમત વધતા અને ડોલરની સરખામણીમાં રૂપિયામાં ઘટાડો થતાં કંપનીઓ માટે ક્રૂડની આયાત મોંઘી થઈ છે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારાના કારણે તમામ રાજ્યો પર દબાણ આવી રહ્યુ હતું.

## આવાસ યોજના

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

ચુકવવાના બાકી હોય તો તેની પણ વિગતો અહેવાલમાં રજુ કરવા જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. આવાસ યોજનાઓ અંગે સરકાર દ્વારા વિસ્તૃત અહેવાલ માંગવામાં આવતાં તંત્ર દ્વારા તેની કામગીરીને વેગીલી બનાવી દેવામાં આવી છે.

## બસ સેવા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

જેમાં હવન, મહાઆરતી મહાપુજા સહીતના ધાર્મિક કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. જયારે શકિત પીઠમાં પણ નવરાત દરમિયાન આ પ્રકારના વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. જયારે નવરાત દરમિયાન માતાજીના દર્શન માટે પણ ભાવિકોની ભીડ જામે છે. જેને ધ્યાને લઈ એસ ટી તંત્ર દ્વારા ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. એસ ટી ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા અગાઉ ભાદરવી પુનમને અનુલક્ષીને પણ રોજબરોજ અંબાજીના રૂટમાં બસ સેવા ઉપલબ્ધ કરવામાં આવી હતી. જેના લીધે ભાવિકોને વાહન સેવા માટે કોઈ તકલીફ વેઠવી ન પડે જયારે આ પાંચ દિવસની ખાસ એસ ટી સેવા અન્વયે ડેપોને પણ રૂ ૧૩ લાખ જેટલી આવક પણ થઈ હતી .જયારે આગામી નવરાત પર્વને અનુલક્ષીને પણ એસ ટી ડેપો દ્વારા ગુજરાતના ચાર શક્તિ પીઠ અંબાજી, પાવાગઢ, ચોટીલા અને બહુચરાજી રૂટમાં ખાસ બસ દોડાવાશે. એસ ટી ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ મુસાફરોની સંખ્યાને ધ્યાને લઈ આ બસ સેવા દોડાવાશે. જયારે મુસાફરોના ટ્રાફિકને ધ્યાને લઈ બસ દોડાવા માટેનુ આયોજન કરાશે.

## તાકીદ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

આજની બેઠકમાં મનપા વિસ્તારની સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ તેમજ મનપા આરોગ્ય સંકલન સમિતિની પણ રચના કરવાનો નિર્ણય લેવાયો હતો. આ બન્ને સમિતિઓની બેઠકો દર ત્રણ માસે મળશે.

શહેરમાં સંચારી રોગો, સ્વાઈન ફલુ તેમજ વાહકજન્ય રોગચાળાની સ્થિતિ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. શહેરી વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા પર ખાસ ભાર બેઠકમાં મુકવામાં આવ્યો હતો. શહેરમાં સ્વાઈન ફલુના ૬ કેસ અને વાહકજન્ય રોગચાળાના ૬૧ કેસ નોંધાયા હોવાની વિગતો સાથે આ બેઠકમાં પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની પણ અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

## સ્વાઈન ફલુ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મળી આવેલ નથી તેમ આ સૂત્રોએ જણાવ્યુ છે. મળેલા આ બન્ને કેસમાં એક મહિલા દર્દી છે. બન્ને દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં ૧૫ થયા છે. આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સ્વાઈન ફલુથી અત્યાર સુધીમાં ૬ દર્દીના મોત નીપજયા છે. જિલ્લામાં સ્વાઈન ફલુથી દાખલ કરાયેલ દર્દીઓ પૈકી ૧૬ દર્દી સંપૂર્ણ રીતે સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હાલ ૪ દર્દી સારવાર હેઠળ છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ